સરકયુલર નંબર-૦૪, તારીખ-૧૬-૦૬-૨૦૨૫

વિષયઃ- મેડીકલ/ પેરામેડીકલ કોલેજના વિદ્યાર્થીઓની તા.૧.૪.૨૦૨૦ થી તા.૩૧.૦૩.૨૦૨૫ સુધીની લેઈટ ફી પેનલ્ટીના નિયમો/ પોલીસીમાં સુધારો કરવા બાબત.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એ.એમ.સી. મેટ ધ્વારા લેઈટ ફી પોલીસી-૨૦૨૫ અમલમાં મૂકેલ છે, જેનો અમલ તા.૧.૪.૨૦૨૫ થી કરવામાં આવેલ છે.

ઉપરોકત પોલીસી તા.૧.૪.૨૦૨૫ થી લાગુ થયેલ હોઈ તે પહેલાંના એટલે કે તા.૧.૪.૨૦૨૦ થી તા.૩૧.૦૩.૨૦૨૫ સુધીના મેડિકલ/ પેરામેડીકલ કોલેજના વિદ્યાર્થીઓની લેઈટ ફી પેનલ્ટીમાં રાહત આપવા વિવિધ વિદ્યાર્થીઓની મળેલ રજૂઆત તેમજ સ્ટેન્ડીંગ કમિટીમાં થયેલ ચર્ચા-વિચારણા અન્વયે તા.૧૫.૦૫.૨૦૨૫ થી આ બાબતે અભ્યાસ કરી, રિપોર્ટ/ ભલામણો રજૂ કરવા નીચે મુજબના સભ્યોની કમિટી બનાવવામાં આવેલ હતીઃ-

(૧) ડીન.શ્રી. એન.એચ.એલ.મેડિકલ કોલેજ.
(૨) ડીન.શ્રી.નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ
(૩) ડીન.શ્રી.ડેન્ટલ કોલેજ
(૪) ચીફ એકાઉન્ટન્ટશ્રી, અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન
(૫) ડે.ડાયરેકટરશ્રી, નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજ

ઉપરોકત કમિટી ધ્વારા તા.૯.૬.૨૦૨૫ ના પત્રથી કમિટીની ભલામણો ચેરમેનશ્રી સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. ઉપરોકત ભલામણો ધ્યાને લઈ તા.૧.૪.૨૦૨૦ થી તા.૩૧.૦૩.૨૦૨૫ સુધીના મેડિકલ/ પેરામેડિકલના વિદ્યાર્થીઓની લેઈટ ફી પેનલ્ટી અંગેના અગાઉના નિયમો સુધારી, નીચે મુજબના નિયમો આથી કરવામાં આવે છેઃ-

૧. આ નિયમો લેઈટ ફી પેનલ્ટી (તા.૧.૪.૨૦૨૦ થી તા.૩૧.૦૩.૨૦૨૫ સુધીના કેસો) સુધારા નિયમો કહેવાશે.
૨. આ નિયમો જે તે મેડિકલ/ પેરામેડીકલ કોલેજના વિદ્યાર્થીઓની લેઈટ ફી કે જે તા.૧.૪.૨૦૨૦ થી તા.૩૧.૦૩.૨૦૨૫ સુધી આ નિયમોની (સરકયુલરની)પ્રસિધ્ધીની તારીખ બાકી છે તેને જ લાગુ પડશે.

૩. વર્ષ-૨૦૨૦-૨૧ ના સમયગાળામાં કોરાના મહામારીનો સમયગાળો હોઈ અગાઉ તા.૧.૪.૨૦૨૦ થી તા.૩૧.૦૩.૨૦૨૧ સુધીની લેઈટ ફી જે તે વખતે માફ કરેલ છે. ત્યારબાદ વર્ષ-૨૦૨૦-૨૦૨૧ માં પણ કોરોના મહામારીનો સેકન્ડ વેવ આવેલ હોઈ તેના કારણે અને તેના કારણે ઉભી થયેલ પરિસ્થિતી અને ગંભીરતા ધ્યાને લેતાં તેમજ મેડીકલ/ પેરામેડીકલ વિદ્યાર્થીઓ ધ્વારા બજાવવામાં આવેલ ફરજ ધ્યાને લેતાં (તા.૧.૪.૨૦૨૧ થી તા.૩૦.૯.૨૦૨૧ સુધીના સમયગાળાની લેઈટ ફી માફ Waive) માફ કરવામાં આવે છે.

૪. તા.૧.૧૦.૨૦૨૧ થી તા.૩૧.૩.૨૦૨૫ સુધીના લેઈટ ફી પેનલ્ટી ના બાકી કેસોમાં લેઈટ ફી પેનલ્ટીની ગણતરી હવે નીચે મુજબ કરવાની રહેશે:-

| | સમયગાળો | લેઈટ ફી પેનલ્ટી |
|---|---|---|
| ૧ | મુદત વિત્યા તારીખથી ૩૦ દિવસ સુધી બાકી ફીની રકમ પર | પેનલ્ટી (લેઈટ ફી) તરીકે ૬% વાર્ષિકવ્યાજ લેખે રકમ ચુકવવા પાત્ર થશે. |
| ૨ | મુદત વિત્યા તારીખથી ૩૧ દિવસથી ૯૦ દિવસ સુધી બાકી ફીની રકમ પર | પેનલ્ટી (લેઈટ ફી) તરીકે ૯% વાર્ષિક વ્યાજ લેખે રકમ ચુકવવા પાત્ર થશે. |
| ૩ | મુદત વિત્યા તારીખથી ૯૧ દિવસથી વધુ સમય સુધી બાકી ફીની રકમ પર | પેનલ્ટી (લેઈટ ફી) તરીકે ૧૨% વાર્ષિક વ્યાજ લેખે રકમ ચુકવવા પાત્ર થશે. |

૫. જે કિસ્સામાં સરકારશ્રી તરફ થી ૧૦૦% સ્કોલરશીપ / સહાય મળે છે તેવા કિસ્સામાં વિદ્યાર્થીને મળેલ સ્કોલરશીપ/ સહાય જો વિદ્યાર્થી એ.એમ.સી. મેટમાં જમા ન કરાવે તો તે કેસમાં વિદ્યાર્થી ને લેઈટ ફી (પેનલ્ટી) વાર્ષિક ૧% લેખે લાગુ પડશે.

૬. જે કેસમાં સરકારશ્રી આંશીક સ્કોલરશીપ/ સહાય આપે છે તેમાં સહાય સિવાયની વિદ્યાર્થીએ ભરપાઈ કરવાની ફી માં આ નિયમો લાગુ પડશે. સરકારશ્રી વિદ્યાર્થીના ખાતામાં જે તારીખે સ્કોલરશીપ જમા કરે તેના દિન-૧૫ માં સદર રકમ એ.એમ.સી.મેટના ખાતામાં ભરપાઈ કરવાની રહેશે અન્યથા તેમને આ લેઈટ ફી ના પેનલ્ટીના નિયમો લાગુ પડશે.વિદ્યાથીએ પોતાના હિસ્સા તરીકે (સરકારશ્રી સહાય ઉપરાંતની રકમ) ભરવાની થતી રકમ માટે લેઈટ ફી ના આ નિયમો લાગુ પડશે.

૭. જે કેસમાં વિદ્યાર્થીએ પોતાની ફી ની રકમનો આપેલ ચેક રીટર્ન થશે તેમાં રીટર્ન ચેકની રકમને, ફી ભરપાઈ ન થયા મુજબ ગણી, લેઈટ ફી પેનલ્ટીના નિયમો લાગુ પડશે. આ ઉપરાંત પ્રથમ વાર ચેક રીટર્ન થાય ત્યારે ચેક દિઠ રૂા.૧૦૦૦/- રકમ વહીવટી ચાર્જ તરીકે વિદ્યાર્થીએ એ.એમ.સી.મેટને ચૂકવવી પડશે.

૮. જો વ્યકિતગત કિસ્સામાં લેઈટ ફી પેનલ્ટી રૂા.૨૫૦/- કે તેથી ઓછી હોય તેવા તમામ કિસ્સાઓમાં વસુલાતની રકમ કરતાં વહીવટી કામગીરીનો ખર્ચ વધુ થતો હોય તેવા તમામ

વ્યકતિગત કિસ્સાઓ કે જેમાં મહત્તમ રૂા.૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ )પુરા લેઈટ ફી તરીકે લેવાના હોય અને તે લેઈટ ફી ની રકમ હજુ વસુલ કરવાની બાકી હોય તેવા તમામ કિસ્સાઓમાં રૂા.૨૫૦/- ની મર્યાદામાં લેઈટ ફી પેનલ્ટી માફ ( Waive) કરવામાં આવે છે. આવા તમામ કિસ્સાઓમાં રેકર્ડમાં બુક એન્ટ્રી કરી આવા કિસ્સાઓની લેઈટ ફી સરભર કરવાની રહેશે.

૯. જે મેડીકલ/ પેરામેડીકલ અભ્યાસના વિદ્યાર્થીઓએ આ સરકયુલર ની તારીખ સુધીમાં પોતાની લેઈટ ફી જૂના નિયમો મુજબ ભરી દીધેલ છે તેવા કિસ્સાઓમાં આ સરકયુલરથી બહાર પાડવામાં આવેલ લેઈટ ફી સુધારા નિયમો લાગુ પડશે નહિ. અને તેવા કિસ્સાઓની પુનઃ સમીક્ષા કરવાની રહેશે નહિ.

૧૦. ઉપરોકત લેઈટ ફી સુધારા નિયમો આ સરકયુલર ઈશ્યુ થયાની તારીખથી અમલમાં આવશે અને આ અંગેની સંપૂર્ણ અમલવારીની જવાબદારી સબંધિત ડીન.શ્રી./પ્રિન્સીપલની રહેશે.

૧૧. ઉપરોકત લેઈટ ફી સુધારા નિયમોના કારણ આગળની જે કાર્યવાહી કરવાપાત્ર થતી હોય તે કાર્યવાહી કરીને તેના એ.એમ.સી.મેટના હિસાબો સાથે રીકન્સાઈલેશનની જવાબદારી સબંધિત ડીન.શ્રી./પ્રિન્સીપલની રહેશે.

૧૨. ઉપરોકત નિયમોમાં કોઈ સ્પષ્ટતા/ અર્થઘટનની જરૂરીયાત ઉભી થાય તે સમયે ચેરમેનશ્રી, એ.એમ.સી.મેટ સમક્ષ રજૂ કરી સ્પષ્ટતા/ અર્થઘટન મેળવી શકાશે, જે એકઝીકયુટીવ કમિટી સમક્ષ રજૂ કરવાની રહેશે.

૧૩. આ સરકયુલરનો અમલ એ.એમ.સી.મેટની એકઝીકયુટીવ કમિટીની મંજુરીની અપેક્ષાએ કરવાનો રહેશે, તેમજ તેની એકઝીકયુટીવ કમિટીની મંજુરી મેળવવાની રહેશે.

ડાયરેકટર એ.એમ.સી-મેટ

સેક્રેટરી એ.એમ.સી-મેટ

ચેરમેન એ.એમ.સી.મેટ

ચેરમેન AMC MET
ઠરાવ નં. 37
તારીખ 18/6/25